# વહીવટી -વ- હિસાબી અધિકારીશ્રીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦ (ગુજરાત)

તા.૩૧/૦૩/૨૦૧૫ સુધીના બીલોના ચેક અને ઇન્ટીમેશન મેળવી કચેરીની ઓફીસ કોપી/બીલ/વાઉચર સાથે મેળવણું / ખરાઇ કરી ચુકવણું કરવા બાબત...

**-: પરિપત્ર:-**

આણંદ કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓએ નીચેની બાબતો ધ્યાનમાં લેવા અને અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

- આપની કચેરી દ્વારા તા. 30/03/૨૦૧૫ સુધીના તમામ પ્રકારના બીલો ચુકવણા માટે અત્રેની કચેરીને રજુ કરેલ હોય તેના (વાંધા હેઠળના બીલો સિવાયના) ચેક અને ઇન્ટીમેશન અત્રેની કચેરીએથી તા. ૩૧/03/૨૦૧૫ના રોજ સવારના ૧૧.00 કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે અને જે બીલો વાંધા હેઠળ હોઇ તેમાં નિયમોનુસાર પૂર્તતા કરી તા. ૩૧/03/૨૦૧૫ના રોજ બપોરના ૩.00 કલાક સુધીમાં રૂબરૂમાં આવી બીલો રજુ કરી દેવાના રહેશે.
- તા. ૩૧/03/૨૦૧૫ સુધીના તમામ બાકી બીલોના ચેક અને ઇન્ટીમેશન અત્રેની કચેરીએથી તા. 0૧/0૪/૨૦૧૫ના રોજ સવારના ૧૧.00 કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે.
- તમામ કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી અને કેશીયરે તેમની કચેરીના ઇન્ટીમેશન મુજબના બીલોની અને ચેકની રકમ, પાર્ટીનું નામ, પાર્ટીને ચુકવવાની રકમ અને ટેક્ષ/ટીડીએસ વગેરેની ચકાસણી કચેરીના વાઉચર/બીલ સાથે કરીને જ ચુકવણું કરવાનું રહેશે.
- અત્રેથી આપવામાં આવેલ ચેક અને ઇન્ટીમેશનમાં જો કોઇ ભુલ હોય તો તા. ૩૧/03/૨૦૧૫ના રોજ સાંજના ૬.00 કલાક સુધીમાં જરૂરી આધાર પૂરાવા સાથે રૂબરૂમાં આવીને જરૂરી સુધારો કરાવી લેવાનો રહેશે.
- ઉક્ત ચકાસણી કર્યા વગર જો કોઇ બીલોનું વધારે, ઓછુ અથવા તો ખોટું ચુકવણું થશે તો તેની સંધળી જવાબદારી જે તે કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની રહેશે.
- તા. 30/03/૨૦૧૫ સુધીના ઇન્કમ ટેક્ષ અને ટીડીએસના તમામ ચેક તા. ૩૧/03/૨૦૧૫ના રોજ બેકીંગ સમય દરમ્યાન બેંકમાં જમા કરાવી દેવાના રહેશે.

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન બીલોનાં ચુકવણાં બાબતની જો કોઇ મુંઝવણ અથવા પ્રશ્ન હોય તો હિસાબ નિયામકશ્રી અથવા તો વહીવટી-વ-હિસાબી અધિકારીનો તા.૩૧/03/૨૦૧૫ના રોજ સાંજના ૫.00 કલાક સુધીમાં રૂબરૂ અથવા તો ફોન દ્વારા સંપર્ક કરી નીરાકરણ લાવવાનું રહેશે.

નં. આકૃયુ/વવહિઅ/પરિપત્ર/ ૭૧૬૫ /૨૦૧૫
તારીખ: 30/03/૨૦૧૫

વહીવટી -વ- હિસાબી અધિકારી

નકલ રવાના :

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ થવા સારૂ.
(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ થવા સારૂ.
(૩) અંગત મદદનીશ, હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.